છેલ્લા દસ વર્ષથી છેતરપીંડીના ગુનામા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ.

સુરત શહેરનાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા ક્રાઇમ બ્રાંચની જુદી જુદી ટીમો વર્કઆઉટમાં જોડાયેલ તે દરમ્યાન પો.કો.વિનોદ અખાભાઇ તથા પો.કો.શૈલેષ ભારતસિંહને મળેલ બાતમીનાં આધારે ક્રાઇમ બ્રાંચના પી.એસ.આઇ. શ્રી સી.એચ.પનારા તથા તેમની ટીમના માણસોએ અઠવાલાઇન્સ પો.સ્ટે. I-ગુ.ર.નં.૨૩૦/૨૦૦૯ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦બી,૧૧૪ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી હાર્દિકકુમાર મોહનભાઇ ચોથાણી જાતે લેવા પટેલ, ઉ.વ.૩૨, રહે,૧૪, શ્રીક્રીષ્ણા રો હાઉસ, રવિભાઇના મકાનમાં, માનસરોવર ગાર્ડન પાસે, ડીંડોલીને ઝડપી પાડી, પુછપરછ દરમ્યાન આરોપીએ કબુલાત કરેલ કે, સને-૨૦૦૮ની સાલમાં રીંગરોડ ઉપર આવેલ રઘુકુળ માર્કેટમાં પોતાના પરીચિત મિત્રો સાથે ભાડાની દુકાન લઇને ટેક્ષટાઇલ મટીરીયલ્સ વેચવાનો ધંધો ચાલુ કરેલ હતો. આ દરમ્યાન માર્કેટના કોઇ દલાલ હસ્તક એક સત્યનારાયણ રેડી જે બેંકને લગતુ કામકાજ કરતો હતો તેની સાથે પરીચય થતા મિત્રતા થયેલ હતી અને આ સત્યનારાયણ રેડી થકી પોતાની ઓળખાણ એક સંતોષ પટેલ નામના ઇસમ સાથે થયેલ હતી. આ દરમ્યાન સને-૨૦૦૯ની સાલમાં સત્યનારાયણ રેડીએ પોતાને જણાવેલ કે, આ જે સંતોષ પટેલ છે તેની પાસે એક ફોર વ્હીલ ગાડી છે અને આ ગાડી ઉપર તે બેંક લોન લેવા માંગે છે અને સાક્ષી તરીકે તારે સહી કરવાની છે તેમ જણાવતા તેણે પોતે લોનના કાગળો ઉપર સાક્ષી તરીકે સહી કરેલી હતી તે બાદ પોતાને જાણવા મળેલ કે, તેણે સાક્ષી તરીકે જે સહી કરેલી હતી તેમાં સંતોષ પટેલે ખોટા ડોક્યુમેન્ટ રજુ કરીને બેંક લોન મેળવેલ જેથી અઠવા પોલીસમાં સંતોષ પટેલ અને પોતાના વિરૂધ્ધ ફરીયાદ આપેલાની હકીકત જાણેલી હતી જેથી પોતે પોલીસથી છુપાઇને રહેતો આવેલો હતો.